જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૪/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૯૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૧/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૩૬	૨	૧૧૩૩૮	૧૭૪૫૬	૨	૧૭૪૫૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૦	૪૭૦૫	૬૨૨૮	૦	૬૨૨૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૩	૦	૭૩	૨૮૫	૦	૨૮૫
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૧૧૩૯	૧૧૩	૩૧૨૫૨	૩૨૫૩૦	૧૨૦	૩૨૬૫૦
કુલ		૪૭૨૫૩	૧૧૫	૪૭૩૬૮	૫૬૪૯૯	૧૨૨	૫૬૬૨૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૦	૯,૪૯,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૪૪	૬,૪૪,૦૦૦/-

ઘરફોડ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

વેજલપુર પોલીસ સ્ટેશન

પોલીસ સ્ટેશનપુર્વ આયોજીત કાવતરૂ રચી ઘરફોડ ચોરીને અંજામ આપનાર ત્રણ ઇસમોને રોકડા રૂ. ૭,૦૦,૦૦૦/- તથા સોના-ચાંદીના દાગીના કી.રૂ.૧,૧૩,૦૦૦/- મળી કુલ કી.રૂ. ૮,૮૧,૩૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડી ૧૦૦% મુદામાલ રીકવર કરી ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી વેજલપુર પોલીસ

આ ગુનાના કામે તા.૨૭/૦૩/૨૦૨૧ સાંજના કલાક ૧૭/૦૦ થી ૨૮/૦૩/૨૦૨૧ ના સવાર કલાક ૦૭/૦૦ દરમ્યાન કોઇ અજાણ્યા ચોર ઇસમે આ કામના ફરીયાદીના ઘરમા મુખ્ય રૂમનો દરવાજો ખોલી મુખ્ય રૂમમા રાખેલ પતરાની પેટી તથા પેટીમા રાખેલ રૂ. ૭,૦૦,૦૦૦/- તથા સોના-ચાંદીના દાગીના કિ.રૂ. ૧,૧૩,૦૦૦/- મળી કુલ કિ.રૂ. ૮,૧૩,૦૦૦/- ની મતાની ચોરી થયેલ હોવાની જાહેરાત કરેલ

જે ઘરફોડ ચોરીના ગુનાની ગંભીરતા ધ્યાને લેતા મે. પોલીસ કમિશ્નર સાહેબ શ્રી તથા મે. અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી, "સેક્ટર-૧" તથા મે. નાયબ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી, "ઝોન-૭" તથા મે. મદદનીશ પોલીસ કમિશ્નર સાહેવબ શ્રી, "એમ ડીવીઝન" નાઓએ ઘરફોડ ચોરીના ગુનો સત્વરે શોધી કાઢવા મૌખિક સુચના કરતા પોલીસ ઇન્સપેક્ટર સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ શ્રી બી.ડી.ભટ્ટ નાઓ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી ઘરફોડ ચોરીની જગ્યા વિઝીટ કરી, આજુબાજુના સી.સી.ટીવી ચકાસી, ટેકનિકલ સોર્સ તથા હ્યુમન ઇન્ટેલીજન્સ દ્વારા માહીતી એકત્ર કરી ગુનો શોધી કાઢવા તપાસ હાથ ધરેલ,

જેથી ઉપરોક્ત ગુનાના કામે ફરીયાદીની પ્રાથમિક પુછપરછ કરતા ફરીયાદીએ જણાવેલ કે તે તથા તેના મિત્રો, ઇમરાન કુરેશી, રીયાજ કુરેશી અને જાવેદ કુરેશી વિગેરે નાઓ સાથે ધોળકા હજરતશા બાવાની દરગાહ ખાતે ઇમરાન કુરેશીના દિકરાની બાધા સારૂ વહેલી સવારે જાવેદભાઇની ગાડી લઇને જવાના હતા પરંતુ રીયાજની નાદુરસ્ત તબિયતના લીધે રીયાજ આવેલ નહી જેથી રીયાજ પ્રથમથી જ ઘરફોડ ચોરીના બનાવમા પોલીસના શંકાના દાયરામા આવેલ, જેથી એક ટીમ મ.સ.ઇ. ગીરીરાજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં ૭૬૦૨ તથા હે.કો. રાકેશભાઇ ધનજીભાઇ બ.નં ૪૯૧૬ તથા લો.ર. મિતેશભાઇ અશોકભાઇ બ.નં ૪૯૧, તથા પો.કો. યશપાલસિંહ બટુકસિંહ બ.નં ૧૨૩૦ તથા પો.કો. રવિરાજસિંહ મહીપતસિંહ બ.નં ૫૦૯૭ વિગેરે નાઓ દ્વારા ફરીયાદીના મિત્ર ઇમરાનની પુછપરછ હાથ ધરેલ તથા અન્ય એક ટીમ હે.કો. નસરૂલ્લાખાન હબીબુલ્લાખાન ૯૭૧૦ તથા હે.કો. જોગાભાઇ કરમણભાઇ બ.નં ૪૯૪૨ તથા પો.કો. રમેશભાઇ કનુભાઇ બ.નં ૪૭૮૯ તથા પો.કો. જનકસિંહ ઘનશ્યામસિંહ બ.નં ૧૩૦૯૪ તથા પો.કો. રવિરાજસિંહ ગંભીરસિંહ બ.નં ૧૦૩૮૪ તથા લો.ર. મયુદીન મકબુલમિયા બ.નં ૫૯૩૮ તથા લો.ર. નાગરાજભાઇ અમકુભાઇ બ.નં ૧૩૯૫ નાઓએ રીયાજ કુરેશીની અલગ-અલગ બેસાડી પુછપરછ કરતા ઇમરાન તથા

રીયાજના નિવેદનો અલગ-અલગ જણાઇ આવેલ બાદ ઇમરાનના પરીવારની પુછપરછ કરતા જાણવા મળેલ કે ઇમરાનનો મિત્ર સલીમ કુરેશી રહે. ફતેવાડી નાનો બનાવ બન્યાના ની એક દિવસ પહેલા થી ઇમરાન કુરેશીના ઘરે રોકાયેલ જેથી હે.કો. નસરૂલ્લાખાન હબીબુલ્લાખાન ૯૭૧૦ તથા લો.ર. મયુદીન મકબુલમિયા બ.નં ૫૯૩૮ નાઓની બાતમી આધારે સલીમ કુરેશીને ફતેવાડી થી પકડી પાડી પોલીસ સ્ટેશન લાવી તેઓ ત્રણેયની યુક્તિ-પ્રયુક્તિ થી તથા કડાકાઇ થી પુછપરછ કરતા તેઓ ત્રણેય ભાંગી પડેલ અને પોતાના ગુનાની કબુલાત કરેલ અને ઘરફોડ ચોરીમા ગયેલ મુદામાલ પ્રથમ રીયાજના ઘરે બાદ ઇમરાનના ઘરે રાખેલ હોય જેથી ઇમરાનને સાથે રાખી ઇમરાનના ઘરની જડતી તપાસ કરતા ઘરેથી પતરાની પેટી તથા રોકડા રૂ. ૭,૦૦,૦૦૦/- તથા સોના ચાંદીના દાગીના કિ.રૂ. ૧,૧૩,૦૦૦/- કુલ કિ.રૂ. ૮,૧૩,૦૦૦/- મનો મુદામાલ કબજે કરેલ છે.

ગુનાનો હેતુ:-

આ કામે ફરીયાદી તથા ઘરફોડ ચોરીના મુખ્ય સુત્રધાર ઇમરાન કુરેશી રહે. A-વોર્ડ, મક્સુદ પાર્ક, ઉર્દુ સ્કુલની પાછળ આવેલા ફ્લેટમા, જુહાપુરા અમદાવાદ નાઓ બંને મિત્રો થાય છે. અને અવાર-નવાર એકબીજાના ઘરે આવ-જા કરતા હતા જે દરમ્યાન આરોપીએ ફરીયાદીના ઘરમા પતરાની પેટી તાળુ મારેલી જોયેલી અને પેટીમા સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા હોવાનુ અનુમાન કરેલ. આ કામના મુખ્ય આરોપી નાઓના માથે દેવુ થઇ ગયેલ હોય અને હાલમા તેને બાબો આવેલ હોય અને વતનમા જવાનુ હોય જેથી પૈસાની તંગીના કારણે તેને પોતાના બંને મિત્રો રીયાજ અને સલીમ સાથે મળી આ કામના ફરીયાદીના ઘરે ચોરી કરવાનુ આયોજન કરેલ અને જે અનુસંધાને ઇમરાને આ કામના ફરીયાદીને કોઇ પણ બહાને બહારગામ લઇ જવાનુ નક્કી કરેલ અને મિસકોલ મારી પોતે નીકળી ગયા અંગેની સાઇન આપશે. બાદ આ કામના અન્ય આરોપીઓ ફરીયાદીના ઘર જઇ ચોરીને અંજામ આપવાનુ નક્કી કરેલ. અને ચોરીમા જે પણ કાઇ મળે તેને સરખે હીસ્સે વહેચવાનુ નક્કી કરેલ. જે મુજબ બનાવના દિવસે ઇમરાને પહેલે થી જ પોતાના મિત્ર સલીમને જુહાપુરા ખાતે પોતાના ઘરે બોલાવી લીધેલ અને પોતાના ઘરે ધાબા ઉપર સુવડાવેલ બાદ પોતાના દિકરાની બાધા હોવાનુ કહી આ કામના ફરીયાદી અને તેના મિત્ર જાવેદભાઇ બાધા કરવા જવાનુ કહી તેઓ બંનેને ધોળકા લઇ ગયેલ અને ત્યા રસ્તામા જતા રીયાજને મિસકોલ મારી ચોરી કરવા જવા સારૂ સુચના કરતા ઉપરોક્ત બંને આરોપીઓ ફરીયાદીના ઘરે જઇ ચોરી કરેલાની કબુલાત કરેલ. જેથી ઉપરોક્ત ઇસમોને ગુનામા વપરાયેલ એક્સેસ ગાડી કિ.રૂ.. ૬૦,૦૦૦/- તથા ઘરફોડ ચોરીમા ગયેલ રોકડા રૂ. ૭,૦૦,૦૦૦/- તથા સોના-ચાંદીના દાગીના કિ,.રૂ. ૧,૧૩,૦૦૦/- તથા બે મોબાઇલ કિ.રૂ. ૮,૦૦૦/- તથા પતરાની પેટી કિ.રૂ. ૩૦૦/- મળી કુલ કિ.રૂ. ૮,૮૧,૩૦૦/- નો મુદામાલ કબજે કરેલ છે.

જેથી આરોપીઓ (૧) ઇમરાન સ/ઓ/ અબ્દુલહકીમ અબ્દુલ રજ્જાક કુરેશી ઉ.વ. ૨૪ રહે. મકાન નં ૨, મક્સુદ પાર્ક, એ-વોર્ડ, સંકલિતનગર, જુહાપુરા અમદાવાદ તથા (૨) રીયાજ સ/ઓ એનુદીન નસરૂદીન કુરેશી ઉ.વ. ૨૪ મકાન નં ૧૩, આશિયાના રો હાઉસ, મસુદ પાર્કની બાજુમા, સંકલિતનગર, જુહાપુરા, અમદાવાદ તથા (૩) મોહમદ સલીમ સ/ઓ ઇમામુદીન ફકીર મોહમદ કુરેશી ઉ.વ. ૩૯, રહે. ઇ/૭૨, સંકલિતનગર, પાણીની ટાંકી સામે, જુહાપુરા, અમદાવાદ નાઓને કોવીડ-૧૯ (કોરોના ટેસ્ટ) કરાવી રીપોર્ટ નેગેટીવ આવતા તેઓને આજરોજ તા.૩૧/૦૩/૨૦૨૧ ના કલાક ૧૬/૦૦ વાગે અટક કરી કાયદેસર કાર્યવાહી કરી નીચે મુજબનો ગુનો શોધી કાઢવામા આવેલ છે. આમ વેજલપુર પોલીસ સર્વેલન્સ સ્કોડને દ્વારા ગણતરીના દિવસોમા ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી ૧૦૦% મુદામાલ રીકવર કરવામા સફળતા મળેલ છે.

શોધાયેલ ગુનાની વિગત

વેજલપુર પો.સ્ટે ફર્સ્ટ ગુ.ર.નં A-૧૧૧૯૧૦૨૮૨૧૦૩૬૪/૨૦૨૧ ઇ.પી.કો.કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૨૦(બી) મુજબ

આરોપીનો પુર્વ ઇતિહાસ

મોહમદ સલીમ સ/ઓ ઇમામુદીન ફકીર મોહમદ કુરેશી ઉ.વ. ૩૯ રહે. ઇ/૭૨, સંકલિતનગર, પાણીની ટાંકી સામે, જુહાપુરા, અમદાવાદ નાનો સને-૨૦૧૫ અજમેર ખાતે મર્ડરના ગુનામા પકડાયેલ હતો





નાસતા-ફરતા આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

પાટણ એ-ડિવીઝન પો.સ્ટેના ચોરીના ગુન્હામાં છેલ્લા એક વર્ષ અગાઉથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઇન્સ **એ.જે.ચૌહાણ** નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના એ.એસ.આઇ અશ્વિનભાઇ રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુન્હા શોધવા તથા બનતા ગુન્હા અટકાવવા સારૂ તા.૩૧/૦૩/૨૦૨૧ ના રોજ ક.૧૭/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૧૯/૩૦ વાગે ઠક્કરનગર ચાર રસ્તા ખાતેથી પસાર થતા હતા તે દરમ્યાન અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે " **એક ઇસમ કે જેણે શરીરે સિલેટીયા કલરનુ ગોળ ગળા વાળુ ટી-શર્ટ તથા મહેંદી કલરનો લેંગો પહેરેલ છે તે ઇસમ પાટણ એ-ડિવીઝન પો.સ્ટે પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૨૧૭૦૧૯૨૦૦૦૯૪/૨૦૨૦ ધી.ઇ.પી.કો.કલમ-૩૭૯,૧૧૪ મુજબના ગુન્હાના કામે ના આજદિન સુધી નાસતો ફરે છે અને જે ઇસમ હાલમાં ઠક્કરનગર ક્રિષ્ણા બાઇક શો રૂમ ની સામે સર્વીસ રોડ ઉપર આવેલ પાડી ઉપર બેઠો છે** " જે હકિકત આધારે એ.એસ.આઇ અશ્વિનભાઇ રામજીભાઇ નાઓએ સ્ટાફના માણસો સાથે પંચોને સાથે રાખી સદરી ઇસમની વોચમાં રહી સદરી જગ્યાએ જઇ સદરી ઇસમને સદરી જગ્યાએથી પકડી પાડી તેની પૂછપરછ કરતા આજથી આશરે ચવુદ એક મહિના પહેલા પોતે તથા તેની માતા મંજુબેન કાંતીભાઇ ચુનારા તથા તેનો મિત્ર વિજય કમાભાઇ ચોરસીયા રહે,ગામ સિતાપુર જીલ્લો-સુરેન્દ્રનગર નાઓની સાથે પોતાની છકો ગાડી લઇને પાટણ બગવાળા દરવાજા ખાતે ગયેલ ત્યા સવારના આશરે નવેક વાગ્યાના સુમારે એક પચાસ વર્ષના આશરા ના બહેન ચાલતા જતા હતા તેઓને રસ્તો પુછવાના બહાને પોતે વાતોમાં રાખી તેની માતા તથા મિત્ર સંજય ચોરસીયાએ તે બહેન પાસેની સોના ની સેર સાથેની બુટ્ટી જોડ કઢાવી દિધેલ અને ત્યારબાદ છકો ગાડી લઇ જતા રહેલ અને તે સોના ની સેર સાથેની બુટ્ટી તેની માતા મંજુબેન ચુનારા નાઓએ પોતાની પાસે રાખી લિધેલ હતી અને તેણે કોઇ સોની ની દુકાને જઇ રૂ.૩૦,૦૦૦/-માં વેચી નાખી અને તે પૈસા માંથી ત્રણ સરખા ભાગે વેચી લિધેલ જે રૂપિયા અલગ-અલગ જગ્યાએ વાપરી નાખેલ અને આ ગુન્હાના કામે આજદિન સુધી નાસતા-ફરતો હતો જેને ક.૨૧/૦૦ વાગે **સી.આર.પી.સી.કલમ-૪૧(૧)આઇ** મુજબ પકડી પાડી આરોપી તથા કાગળો મેળવી લેવા પાટણ એ-ડિવીઝન પો.સ્ટે વર્ધી લખાવી ચોરીના આરોપીને અટક કરી સારી કામગીરી કરેલ છે તા.૦૧/૦૪/૨૦૨૧

આરોપીનું નામ:

ભરત સ/ઓ કાંતીભાઇ જુગાભાઇ જાતે ચુનારા ઉ.વ.૨૨ ધંધો-છુટક મજુરી રહે,વસંતનગરના છાપરા પાણીની ટાંકી પાસે ઠક્કરનગર અમદાવાદ શહેર મૂળ વતન ગામ-લાના તા.જી.ધોળકા મો.નં-૭૬૦૦૦૭૬૧૦૬

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ એ.એસ.આઇ અશ્વિનભાઇ રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા એ.એસ.આઇ જીતેંદ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૫૩૧ તથા બીજા સ્ટાફના માણસો



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૯૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૧૪ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૩૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૯૨ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૯૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૬૦૦/૨૦૨૧**

કૃષ્ણનગરઃ ઉમાબહેન વા/ઓ લક્ષમણસિહ સોલંકી (રહે. સીતારામની ચાલી શિવશક્તિ મંદિર પાસે જી.ડી.રોડ હીરાવાડી કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૩/૨૦૨૧ કલાક ૧૧/૩૦ થી ૧૨/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ ચાવીથી ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૯૭,૫૦૦/- અને રોકડ રૂપિયા ૨૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૩,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

લુંટઃ- **સમાચાર યાદી નં.૬૦૧/૨૦૨૧**

નરોડાઃ માલારામ સ/ઓ રામલાલ બિશ્નોઈ (ઉ.વ.૩૫) (રહે. રાજીપા ગ્રીનલેન્ડ કેનબા હોસ્પીટલ ચાર રસ્તા નિકોલ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૩/૨૦૨૧ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે નાના ચિલોડા સર્કલથી ભાટ ટોલટેક્ષ તરફ જતા સાબરમતી નદીના બ્રિજ પહેલા ખોડીયાર માતાના મંદિર નજીક ઓટો રીક્ષાના ચાલક અને રિક્ષામાં બેસેલ અન્ય પુરૂષે માલારામને ચપ્પુ બતાવી ધમકાવી પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૧૧,૦૦૦/- સાથેનુ પાકીટ અને મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

સોનાની ચેઈન/વિંટી ઝુંટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૬૦૨/૨૦૨૧**

રાણીપઃ મોતીબહેન તે કાંતીલાલ મનોહરભાઇ મકવાણાના વિધવા પત્ની (ઉ.વ.૭૫) (રહે. ન્યુ તિરૂપતી સોસાયટી રાધાસ્વામી સત્સંગ પાસે રાધાસ્વામી રોડ રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૩/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ થી ૧૨/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સાંઇબાબા મંદિર રોડ ગાયત્રીકુંજ સોસાયટીના દરવાજા નજીક ઓટો રીક્ષામાં આવેલ બે પુરૂષ સરનામુ પુછવાના બહાને મોતીબહેનને નજીક બોલાવી ઓટો રીક્ષામાં પાછળ બેસેલ બે પુરૂષોએ રિક્ષા ચાલકની મદદગારીથી મોતીબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અને હાથમાંથી સોનાની વિંટી કિમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેચી ઝુંટવી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એન.સોલંકી ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૬૦૩/૨૦૨૧**

નારોલઃ મુન્નાકુમાર મિઝાઝીલાલ નામદેવ (ઉ.વ.૩૭) (રહે.ન્યુ જનતા ટેલર્સ નિમેષ ટ્રાન્સપોર્ટની બાજુમાં ભરવાડવાસ પીપળજ ગામ નારોલ) પરીવાર સાથે પોતાના ઘરે સુતા હતા ત્યારે તા.૩૧/૦૩/૨૦૨૧ રાતના ૦૦/૫૦ વાગ્યાના સુમારે ઘરની સિલીંગ દિવાલ છતના પતરા ઉપર પડતા છત નીચે પડતાં મુન્નાકુમાર તથા તેમની પત્ની અને બે બાળકો નીચે આવી જતાં ગંભીર ઇજાઓ થતા મુન્નાકુમાર નામદેવ નાઓને સારવાર માટે એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડોશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૦૪/૨૦૨૧**

કૃષ્ણનગરઃ હાર્દિકભાઇ સુશીલભાઇ શાહ (ઉ.વ.૩૫) (રહે. હરીવિલા ફ્લેટ બાપાસીતારામ ચોક નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૩/૨૦૨૧ રાતના ૧૦/૩૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી વિજયભાઇ મારૂતીરાવ ચલાવે છે.

મણીનગરઃ તરંગભાઇ હસમુખલાલ શાહ (ઉ.વ.૬૧) (રહે. દિપાચંદન એપાર્ટમેન્ટ ઝેડ બ્લ્યુ શો રૂમનાં ખાચામાં મણીનગર) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૩/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી